


Gandhinagar વર્ષ : (૩૦) અંક નં. ૩૩ | ૧૩ એપ્રિલ, ૨૦૧૫, સોમવાર ; ચૈત્ર વદ - ૯ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

# શહેરમાં બરફના કરા સાથે વરસાદ

## ગાજવીજ સાથે વરસાદી ઝાપટુ પડ્યું

### હજુ ૨૪ કલાકમાં વરસાદની વકી

**વાદળછાયુ વાતાવરણ રહેશે : ઠંડા પવનો પણ ફુંકાશે : હવામાન ખાતાની આગાહી**

ગાંધીનગર, તા. ૧૨

ગુજરાતમાં અપરએર સરક્યુલેશન જે સ્થિર થયુ છે અને તેની સીધી અસરો હવામાન પર પડી રહી છે. ગરમીનો પારો ૮ ડિગ્રી સુધી ઘટી જશે અને મહત્તમ તાપમાન ૪૦ ડિગ્રી સેલ્સીયસથી નીચે રહેશે. લઘુત્તમ તાપમાન પણ ૨૬ ડિગ્રી કરતા વધારે નહિ થાય. તેના કારણે વહેલી સવારે ઠંડીનો ચમકારો વર્તાશે.

હવામાનમાં આવેલા આ પલ્ટાની અસરો આખા સપ્તાહ દરમ્યાન રહેશે તેમ ખગોળવિદ્દોનું માનવુ છે. હવામાન ખાતાની આગાહી પ્રમાણે હજુ આવતીકાલે પણ રાજ્યમાં આવો જ માહોલ રહેતાં ઠંડા પવનો ફુંકાશે તથા વાદળછાયુ વાતાવરણ રહેશે. રાજ્યના તમામ જિલ્લાઓમાં આગામી ૨૪ કલાક દરમ્યાન હળવો વરસાદ થવાની આગાહી પણ કરવામાં આવી છે.

હવામાનમાં આવેલા પલ્ટાને કારણે ખેડૂતો ખુબ જ ચિંતાતુર બન્યા છે. ગાંધીનગરમાં આજે મહત્તમ તાપમાન ૩૬ ડિગ્રી નોંધાયું છે.

ગાંધીનગર, તા.૧૨

શહેરમાં સતત બીજા દિવસે પણ મૌસમનો મિજાજ બદલાયો હતો. બપોરે એકાએક વરસાદી વાયરો ફુંકાયો હતો. આકાશમાં વરસાદી વાદળો ઘેરાઇ આવ્યા હતાં.ગગનભેદી વીજકડાકા સાથે વરસાદના છાંટણા પડયા હતા. સેકટરોમાં કેટલાક ઠેકાણે બરફના કરા પડયા હતા. સતત બીજા દિવસે પણ વાતાવરણ પલ્ટો યથાવત રહયો હતો. વરસાદી માહોલથી જનજીવન પ્રભાવિત રહયું હતું.જયારે પલવારમાંજ પાછો વરાપ નિકળ્યો હતો. જો કે વરસાદી વાતાવરણના લીધે સાર્વત્રિક ઠંડક પ્રસરી હતી. મહત્તમ તાપમાન ૩૪.૫ ડીગ્રી નોંધાતા ગરમી અદ્રશય થઇ ગઇ હતી. વરસાદી વાતાવરણની અસરથી વૃક્ષોના ડાળા તૂટી પડયા હતા.

શહેરમાં સતત બીજા દિવસે પણ વરસાદી માહોલ યથાવત રહયો હતો. આજે પણ ગઇકાલની જેમ બપોર બાદ વાતાવરણમાં નાટયાત્મક પલ્ટો આવ્યો હતો. આકાશમાં ઘેરાયેલા વરસાદી વાદળો વરસી પડયા હતા. ગગનભેદી વીજકડાકાથી નગરજનો બે ઘડી ડઘાઇ ગયા હતા. પવનની લહેરકી સાથે વરસાદ થતાં મૌસમનો નઝારો બદલાઇ ગયો હતો. સેકટરોમાં કેટલાક ઠેકાણે બરફના કરા પડયા હતા. શહેરના જૂના સેકટરોમાં વરસાદના છાંટણા પડયા હતા તો નવા સેકટરોમાં તડકી છાંયડીનો માહોલ જોવા મળ્યો હતો. ૧૫ દિવસમાં બીજીવાર બરફના ઓલા પડતા નગરજનો પણ અચરજમાં

● અનુસંધાન પાન-૭ પર


(તસવીર : દિપક જાની)

### દહેગામ-ગાંધીનગરમાં ૨.૨ મિ.મિ. નોંધાયો

ગાંધીનગર, તા. ૧૨

ગાંધીનગર અને દહેગામ તાલુકામાં આજે ૨.૨ મિ.મિ. વરસાદ નોંધાયો છે.

આજે થયેલા કમોસમી વરસાદની અસરો માણસા અને કલોલમાં થઈ નથી જો કે ગાંધીનગર અને દહેગામ તાલુકામાં ૨.૨ મિ.મિ. વરસાદ નોંધાયો છે. ગઈકાલે જિલ્લાના ચારેય તાલુકામાં વરસાદ થયો હતો.

એક મિ.મિ. કરતાં વધુ વરસાદ થતાં ખેતીને નુકશાન થવાનો ભય વધી જાય છે. ગાંધીનગરમાં સતત ૮મી વાર કમોસમી વરસાદ નોંધાયો છે જે ઉલ્લેખનીય છે.

## કૃષિ વિકાસ વર્ષની ઉજવણી વેળાએ જ જગતનો તાત્ લાચાર બન્યો !!

**કમોસમી વરસાદથી ખેડૂતની કમ્મર તુટી ગઈ દેવાના ડુંગર તળે દબાયો ખેડૂત**

ગાંધીનગર, તા. ૧૨

કૃષિ વિકાસ વર્ષની ઉજવણી વખતે જ રાજ્યમાં આખા વર્ષની કૃષિ નિષ્ફળ જતાં ખેડૂત દેવાદાર જેવો બની ગયો છે. રવિ, ખરીફ અને ઉનાળુ પાકની સિઝનોમાં કમોસમી વરસાદને કારણે ગુણવત્તા પર વિપરીત અસરો પડતાં ખેડૂતની હાલત દયનીય બની છે.

પાક ઉત્પાદનમાં ગુણવત્તાને લઈ ૨૫ ટકા સુધીનું નુકશાન થયુ છે તો કમોસમી વરસાદ અને પવનને કારણે કેરી, ઘઉ, તમાકુ અને શાકભાજીના પાકોને ભારે નુકશાન થયું છે. રાજ્ય સરકારે પહેલીવાર ખેડૂતો માટે ત્રણ-ત્રણ વાર રાહત પેકેજ જાહેર કર્યા છે.

નવી વાવણીની સિઝનનો આરંભ અકાત્રીજથી થવાનો છે. પરંતુ જે રીતે હવામાનમાં સતત બદલાવ આવી રહ્યો છે તેને લઈ ખેડૂતોમાં નવી સિઝન માટેની વાવણીનો ઉત્સાહ ઓછો થતો દેખાઈ રહ્યો છે.

ખેડૂત હવે રોકડિયા પાકોની ખેતીને પસંદ કરશે તેમ મનાઈ રહ્યુ છે. કેરીના પાકને થયેલા નુકશાનને કારણે આ વખતે કેરી મોંઘી બનશે અને દુર્લભ પણ બનશે.

તમાકુના પાકને પણ ભારે નુકશાનનો ભય સેવાઈ રહ્યો છે. આ ઉપરાંત ખરામાં પડેલો પાક પલળી જવા પામ્યો છે. ઈસબગુલના પાકને તેમજ મસાલાના પાકને પણ નુકશાન થવાના અહેવાલો છે.




### કમોસમી વરસાદથી થયેલ કૃષિપાકોને નુકશાનીનો સર્વે કરવા સૂચના અપાઈ

ગાંધીનગર, તા. ૧૨

રાજ્યમાં થયેલા કમોસમી વરસાદને કારણે કૃષિ પાકોને થયેલા નુકશાની અંગેનો સર્વે કરવા કૃષિ વિભાગને આદેશો આપવામાં આવ્યા હોવાનું જાણવા મળે છે.

કૃષિ વિભાગ સાથે સંકળાયેલ સૂત્રો પાસેથી પ્રાપ્ત વિગતો મુજબ રાજ્યના હવામાનમાં પલટો આવતાં છેલ્લા બે દિવસથી રાજ્યના અનેક વિસ્તારોમાં કમોસમી વરસાદ થવા પામ્યો છે.

આ કમોસમી વરસાદને કારણે કેટલાક કૃષિ પાકોને ભારે નુકશાન થયું હોવાની ભીતી વ્યક્ત કરવામાં આવતાં કમોસમી વરસાદને કારણે રાજ્યના કયા કયા વિસ્તારોમાં કયા કૃષિ પાકોને કેટલુ નુકશાન થયુ છે એ અંગેનો સર્વે કરીને અહેવાલ કૃષિ વિભાગને મોકલી આપવા માટેની સૂચનાઓ જિલ્લા ખેતીવાડી અધિકારીઓને આપવામાં આવી હોવાનું જાણવા મળે છે.

